



# સિવિલમાં ડોકટરોની ઘટ ટૂંક સમયમાં પુરાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં અંદાજીત ૩ આસીસટન્ટ પ્રોફેસર ડોકટરોની ઘટ છે. આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં ડોકટરોના ઈન્ટરવ્યુ થઈ ગયા છે. રાજયભરની જે હોસ્પિટલોમાં ડોકટરોની ઘટ હશે ત્યાં નવા આસીસટન્ટ પ્રોફેસર ડોકટરોની નિમણુક આપવામાં આવશે. જે અંતર્ગત ગાંધીનગર મેડીકલ કોલેજને પણ ૩ ડોકટર ફાળવવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. મેડીકલ કોલેજને પગલે સારી સુવિધા દર્દીઓને મળતા દર્દીઓથી સિવિલની ઓપીડી વિભાગ ઉભરાય છે. જિલ્લાકક્ષાની હોવાથી દર્દીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે અત્યારે હાલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોકટર્સમાં ૨ મેડીસીન તેમજ અન્ય એક ડોકટરની ઘટ છે. જે અંગે મેડીકલ કોલેજ દ્વારા આરોગ્ય વિભાગમાં રજુઆત કરવામાં આવી હતી. અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર આરોગ્ય વિભાગ દ્વારા જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં ડોકટર્સની ઘટ હોવાથી તાજેતરમાં ડોકટર્સના ઈન્ટરવ્યું લેવામાં આવ્યા છે. આ ડોકટર્સોને રાજયની વિવિધ હોસ્પિટલમાં ફરજ પર મુકવામાં આવશે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં પણ ટુંક સમયમાં ૩ નવા ડોકટર્સની નિમણુંક આપવામાં આવશે. આસીસટન્ટ પ્રોફેસર ડોકટરની જગ્યા છેલ્લા ગણા સમયથી ખાલી રહેલી જગ્યા ભરાઈ જશે. આ ૩ ડોકટર્સની ઘટ પુરવામાં આવતા દર્દીઓ તેમજ મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓને લાભ થશે.

## ત્રણ દિવસમાં પોલીસે ૬.૭૦ લાખ દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ટ્રાફિક પોલીસ સહિત સ્થાનિક પોલીસની ટુકડીઓ વિવિધ પોઈન્ટ પર સઘન હેલ્મેટ ચેકીંગની કામગીરી કરી રહી છે ત્યાર જિલ્લા પોલીસ વડાએ આપેલી સુચના બાદ ત્રણ દિવસમાં ૬૬૬૦ વાહનચાલકો હેલ્મેટ વગર ફરતા પકડાયા છે. જેમની પાસેથી રૂ. ૬.૭૦ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે. આ કામગીરી બાદ હવે હેલ્મેટ પહેરીને મોટા ભાગના વાહનચાલકો ઘરની બહાર નીકળતા નજરે ચઢી રહ્યા છે.

એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે હેલ્મેટ પહર્યા વગર ફરતા વાહનચાલકોને ફરજીયાત હેલ્મેટ પહેરતા કરી અકસ્માતમાં વધેલા મૃત્યુ આંક ઘટાડવા હેલ્મેટ ફરજીયાતનો આદેશ જારી કર્યો છે. જેને પગલે હવે મોટાભાગના ટુ વ્હીલર રાઈડર્સ હવે રસ્તા પર હેલ્મેટ સાથે જોવા મળી રહ્યા છે. આશરે ૩૦ ટકાથી વધુ વાહનચાલકો હેલ્મેટ પહેરીને જ ઘરની બહાર નીકળતા થયા છે જે ખુબ પ્રશંસનીય બાબત છે. પ્રથમ દિવસે ત્રણ જ કલાકમાં ૧૬૨૨ વાહનચાલકોને હેલ્મેટ વગર પકડી પોલીસે રૂ. ૧,૬૨,૨૦૦નો દંડ વસુલ્યો હતો. બીજે દિવસે ૨૪૮૨ વાહનચાલકો પાસેથી રૂ. ૨,૫૦,૬૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો જયારે આજે ત્રીજા દિવસે ૨૫૫૬ લોકોને મેમો ફટકારી રૂ. ૨,૫૭,૭૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે. ત્રણ દિવસની કડક કાર્યવાહી દરમિયાન ૬૬૬૦ ચાલકો પાસેથી રૂ. ૬,૭૦,૫૦૦નો દંડ પોલીસે વસુલ્યો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

લગ્નોની મોસમ જોરશોરમાં ચાલી રહી છે. સર્વત્ર ખુશી અને ઉત્સાહનો માહોલ છવાયેલો છે. આ ખુશીના ઉન્માદમાં નાગરિકો સ્વચ્છતા પરત્વે બેધ્યાન બની જાય છે તે સ્વીકાર્ય નથી. યજમાન કે કેટરીંગ કોન્ટ્રાક્ટરોએ પ્રસંગોપૂર્ણ થયા બાદ એકત્ર 'વેસ્ટનો' નીકાલ કરતા નથી. જેને કારણે શહેરના સેક્ટરોના ખુલ્લી જગ્યાઓમાં આવા દશ્યો જોવા મળે છે.

## @ગાંધીનગર

● સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ અને નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન સે-૧૬, યુથ હોસ્ટેલ ખાતે સફાઈ અભિયાન યોજાશે.

● સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૨૧ વૈષ્ણવ હવેલી મંદિર ખાતે રકતદાન શિબિર યોજાશે.

● ગાંધીનગરના ભાટ સર્કલ નજીક આવેલ નારાયણી હાઈટસ ખાતે વેલેન્ટાઈન્સ ડેની ઉજવણી માટે વિશેષ આયોજન કરાયું છે.

**- નજાહખાનમ સૈયદ**

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા હેપીનેસ પ્રોગ્રામ

ગાંધીનગર, તા.૧૩

રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થા ગાંધીનગર દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકો માટે ૧૬ થી ૨૧ ફેબ્રુઆરી સુધી સવારે ૬ થી ૯ એ સાંજે ૬.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન બીજો માળ, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સેકટર-૧૧ ખાતે શિબિર યોજાશે. આ શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતી માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના લોકોમાં મુખ્યત્વે રહેલ તનાવ તથા અન્ય નકારાત્મક લાગણીઓ જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા વગેરેથી મુકત થઈ દરેક વ્યકિત વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત વ્યકિત થકી હિંસામુકત સમાજ બને તે છે. આ શિબિરમાં ભાગ લેવા તથા કોઈ પણ માહિતી માટે શિબિર સ્થળ પર સુરેશભાઈ પરમારનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં અનેક ઠેકાણે વેલેન્ટાઈન્સ ડે ની પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. જો કે આ વર્ષે વેલેન્ટાઈન ડે રવિવારે આવતા કોલેજીયન યુવાનો કુટુંજનોની નજરૂમાંથી બચીને પોતાના પ્રિય પાત્ર સાથે વેલેન્ટાઈન કેવી રીતે મનાવવો તેની મથામણમાં લાગ્યા છે.

● ગાંધીનગરથી ચિલોડા તરફના મુખ્યમાર્ગ રોડ મરામતનું કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્યના કારણે સાબરમતી નદીના પુલ પર વારંવાર ટ્રાફિક જામ થવાના દશ્યો સર્જાઈ રહ્યાં છે.

● સે-૬/૭થી પથિકાશ્રમના માર્ગે સવારે યોજાયેલ બાળકોની રેલીમાં પોલીસ કર્મીઓને ભારે મજા પડી ગઈ હતી. નાના નાના ભૂલકાઓ સાથે વાતો કરતા પોલીસ કર્મીઓ પોતાના પોલીસ સ્વભાવથી વિપરીત વર્તન કરતા જોવાયા હતા.

● નગરમાં ટ્રાફિક ડ્રાઈવ અસરકારક રીતે ચાલી રહી છે. દંડનાત્મક કાર્યવાહીથી બચવા કેટલાક વાહનચાલકો પોલીસ પર પોતાના હોદ્દા અને ઓળખાણનો રોફ પ્રદર્શિત કરતા જીભાજોડી કરતા જોવા મળી રહ્યાં છે.

● હેલ્મેટના કાયદાનું નગરમાં ફરજિયાત અમલીકરણ કરાવતી પોલીસે ટુ વ્હીલર્સ ચાલકોને હેલ્મેટ પહેરતા કરી દીધા છે. આ હેલ્મેટ સાચવવા વાહન ચાલકો સાંકળ તાળાનો પણ ઉપયોગ કરી રહ્યાં છે.

**- સમીર રામી,**
**મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

## એસ.જી. પ્રાયમરી સ્કૂલમાં વિજ્ઞાન પ્રદર્શન, પુસ્તક મેળો અને વાલી મિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૩



ગાંધીનગર એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં આજે ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ વિજ્ઞાન પ્રયોગોને નિર્દશિત કરતું વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જેમાં ૧૦૪ જેટલા વિવિધ પ્રયોગો બાળકોએ રજૂ કર્યા હતા. પુસ્તક એ જ્ઞાનનો સ્રોત છે. બાળકો પુસ્તકો પ્રત્યે અભિમુખ થાય તે માટે શાળામાં આજે પુસ્તક મેળો પણ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળવાર્તાઓ, બાળકાવ્યો, વિજ્ઞાન કથાઓ સાહસ કથાઓ વગેરેને લગતાં પુસ્તકો મૂકવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના વાલીઓ સાથેનું મિલન પણ યોજવામાં આવ્યું હતું.

શાળામાં એક સાથે વિજ્ઞાન પ્રદર્શન, પુસ્તક મેળો અને વાલી મુલાકાતનો ત્રિવેણી સંગમ યોજવામાં આવ્યો હતો. શાળાના બાળ વિજ્ઞાનીઓએ ફલર્ડ એલાર્મ, વોટર કલોક, સાયન્સ સિટી, કોમ્પ્યુટર, હાઈડ્રોલિક બ્રિડ, રોપવે, વોટર ટર્બાઈન, હ્યુમન સ્કીન ડિટેકશન સિસ્ટમ, અનિમોમીટર, ઈલેકટ્રોપ્લેટિંગ વગેરે પ્રોજેક્ટને રજૂ કર્યા હતા. શાળાના વાલીગણે પણ બાળકોની આ વિશિષ્ટ સિદ્ધિને પ્રત્યક્ષ નિહાળી હતી તેમજ બિરદાવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ પુસ્તકોને પણ આ પ્રસંગે નિહાળ્યા તેમજ મેળવ્યા હતા. વાલીઓનો સૌથી સારો પ્રતિભાવ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમને બાળકો, શિક્ષકો તેમજ વાલીગણે સુંદર રીતે અનુભવ્યો હતો.

## જીએનએલયુ ખાતે સ્પોર્ટ્સ લૉ અંગે સર્ટિફિકેટ કોર્સનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

સ્પોર્ટ્સ ક્ષેત્રે કાયદાકીય જાગૃતિ વધે તે હેતુથી ગાંધીનગર ખાતે જીએનએલયુના સ્પોર્ટ્સ એન્ડ એન્ટરટેઈન્મેન્ટ લૉ દ્વારા તા. ૧૫મી થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન 'ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ સોર્સ ઓન્ યુરોપિયન યુનિયન એન્ડ સ્પોર્ટસ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કોર્સમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સ્પોર્ટ્સ એડવોકેટ પ્રૉ. ડૉ. ઈસાન બ્લેક શૉ તાલીમાર્થીઓનું માર્ગદર્શન કરશે.



વિશ્વભરમાં હવે રમતગમતનું મહત્ત્વ દિવસેને દિવસે વધતું જાય છે. સ્પોર્ટ્સ એ હવે આંતર રાષ્ટ્રીય સ્તરે ખૂબ જ મોટો વાણિજ્યિક હિસ્સો ધરાવે છે. આથી આ ક્ષેત્રે કાયકાદીય જ્ઞાન અને જાગૃતિનું મહત્ત્વ સવિશેષ રહેલું છે. જીએનએલયુ ખાતે આપોજિત આ સર્ટિફિકેટ કોર્સમાં ૧૪ કલાકની સઘન તાલીમ દ્વારા પાંચ વ્યાખ્યાનો પ્રસ્તુત કરાશે. જેમાં ત્રણ દિવસ દરમિયાન કાનૂની અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ માટે લીગલ ઈન્ફ્રાસ્ટ્રકચરથી માંડીને એથ્લેટ્સ, ટીમ, લીગ, કોન્ફરન્સ, સિવિક રિક્રિએશનલ પ્રોગ્રામ, એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુટ તથા અન્ય સંસ્થાઓ વગેરે માટે વકીલોના ફોરમ સહિતની માહિતી આવરી લેવાશે.

## ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સાદરાના અન્નપૂર્ણા હોલ ખાતે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ ૧ થી ૧૨ સ્નાતક, અનુસ્નાતક મેરીટમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનવામાં આવશે. આ ઉપરાંત સમસ્ત મોચી સમાજના યુવક યુવતીઓ માટે પ્રથમ જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરાયું છે. જે અંગેની વધુ માહિતી મેળવવા સમાજના મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણનો સંપર્ક સાધવા જણાવાયું છે.

# શહેરમાં શૌચાલયોમાં પાણીનો બેફામ વપરાશ


ગાંધીનગર, તા.૧૩

સ્વચ્છતા જળવાય અને રોગ મુકત રહેવાય તેવા શુભ આશયથી ઘેર ઘેર શૌચાલયની જરૂરિયાત ઉપર સરકારે અમલ કર્યો છે. જેને સર્વત્રથી આવકાર પ્રાપ્ત થયો છે. પરંતુ વરવી વાસ્તવિકતા એ છે કે આ શૌચાલયના ઉપયોગમાં માનવવસ્તીની નકારાત્મક ભુમિકા બહાર આવી છે. જેમાં શૌચક્રિયા પછી અમર્યાદિત રીતે પાણીનો વપરાશ થાય છે જેથી ધરતી ઉપરની કુદરતી અમુલ્ય સંપત્તિનો બિનજરૂરી બગાડ થઈ રહ્યો હોવાનું સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યુ છે. દેશભરની આ અંગે ગણતરી મંડાય તો કદાચ અગણિત પાણીનો વ્યય થયાનું જણાશે જે અકલ્પનીય બની ભવિષ્યની ચિંતાનો વિષય ઉભો થશે અને ચોકકસપણે ત્રીજા વિકલ્પની શોધ અનિવાર્ય બની જશે.

દરેક ઉભી થતી સુવિધાનો સદુપયોગ થાય તો તેના પરિણામ સુખદાયી પ્રાપ્ત થતા હોય છે પરંતુ સુવિધાનો દુરપયોગ ઘણી વખત દુષ્પરિણામો આપતા હોય છે. તેવી જ રીતે ઘેર ઘેર શૌચાલયની સુવિધા એ માનવજાતની તંદુરસ્તી માટેનો શ્રેષ્ઠ પર્યાય છે ત્યારે જ આ શૌચાલયમાં ઉપયોગમાં લેવાતું કિંમતી ખનીજ પાણી બેફામ વપરાઈ રહ્યું છે. પ્રયત્ન વગર મળેલી આ કુદરતી અમુલ્ય સંપત્તિનું ધરાર અપમાન થઈ રહ્યું છે જેના પરિણામો વિપરીત આવવાના સંજોગો બની શકે છે.

વર્ષો પહેલા શહેરીકરણનો પ્રભાવ ઓછો હતો ત્યારે માનવવસ્તી ખુલ્લામાં કે ગ્રામ્ય વિસ્તારોમાં ખેતર, નદી કે તળાવ કિનારે કુદરતી હાજતે જતા હતા. જેમાં ફકત એક ડબલુ કે લોટો પાણી જ વપરાશમાં લેવાતું હતું. અને હાલ શૌચાલયમાં લોકોની માનસીકતા એટલી હદે બદલાઈ છે કે સતત પાણીના નળ ચાલુ રાખી અનેક બાલદી પાણીનો બિનજરૂરી ઉપયોગ કરી નાખતા થયા છે. વધુમાં લઘુશંકા કરીને પણ અઢળક પાણી ઢોળી દેવાય છે. ખેતરમાં થતી શૌચ એ ખાતરમાં પરિવર્તતીત થતી હતી અને ખુલ્લામાં શુધ્ધ વાતાવરણનો અહેસાસ પણ જે તે સમયે લોકો અનુભવતા હતા. જો કે શૌચાલયમાં ઉભી થતી ગંદકી દુર કરવા પ્રમાણસર પાણીનો ઉપયોગ જરૂરી છે તે સ્વીકાર્ય બાબત છે. પરંતુ શૌચક્રિયા દરમિયાનના સમય સુધી સતત પાણી વહાવી દેવું તે નિરર્થક ગણાઈ રહ્યું છે.

**પહેલા ખુલ્લામાં શૌચક્રિયા સમયે ફકત એક ડબલુ કે લોટા પાણીથી ચાલતુ હતું જયારે હાલ શૌચાલયમાં અગણિત ડોલો ભરીને પાણીનો વપરાશ, ત્રીજા વિકલ્પ માટે અત્યારથી જ વિચારવું રહ્યું**



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

જળ એ જ જીવનના સુત્રને સાર્થક નહીં બનાવીએ તો કુદરતી અમુલ્ય સંપત્તિ નાશ પામશે. કારણકે હાલમાં પણ પાણી પાઉચ કે બોટલમાં કિંમતથી વેચાય છે અને પાણીનો વેરો પણ લેવાય છે છતાં કુદરતી આ સ્તોત્રમાં થઈ રહેલા સતત ઘટાડાથી ચિંતીત બની ત્રીજા વિકલ્પ તરફે વિચારવું જરૂરી બન્યું છે. હાલ નદી, નાળા, તળાવ વગેરે ખાલી ભાસી રહ્યા છે. વધુમાં ભુગર્ભ જળના સ્તર નીચે ઉતરતા જાય છે ત્યારે પાણીનું મુલ્ય સમજી આવનારી પેઢી પણ તેનો સદપયોગ કરે તેવું આયોજન કે અમલ ચોકકસપણે કરવો જ રહ્યો.

# એક યુવતિને થયો પ્રેમ પણ કિસ્મતે કર્યો અજબ ખેલ

## ગાંધીનગરની કોલેજના કેમ્પસમાં પાંગરેલી એક પ્રેમકહાની

ગાંધીનગર, તા.૧૩

વસંતઋતુ એટલે પ્રેમની મૌસમ. યોગાનુયોગ 'વેલેન્ટાઈન ડે' પણ વસંત ઋતુમાં જ આવે છે. આજની પેઢીના યુવા હૈયાંઓ ભલે વસંતઋતુથી એટલા પરિચિત ના હોય પણ વેલેન્ટાઈન ડે ઉજવી તેની ખોટ પુરી જરૂર કરે છે. વેલેન્ટાઈન ડે એ આજની પેઢીની 'વસંત પંચમી' છે. ગાંધીનગરના બે યુવા હૈયા એવા મળ્યાં કે એક વાર છુટા પડવા છતાં કિસ્મતે એવો ખેલ કર્યો કે ફરી તેમનું મિલન થયું. આ હૈયા મુસ્લિમ સમાજના હોવા છતાં પરિવારજનોની આધુનિક વિચારસરણીના પ્રતાપે આજે સુખી પ્રેમમય જીવન વ્યતિત કરી રહ્યાં છે.

થોડાક વર્ષો પૂર્વે ૨૦૦૬માં ગાંધીનગરની એક ખાનગી કોલેજમાં સુહાના નામની નમણી મુસ્લિમ યુવતીએ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો. હૃદયમાં ઉમળકો અને આંખોમાં અવનવા ઓરતા લઈને કોલેજમાં પ્રવેશેલી સુહાનાને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં પણ રસ ખરો એટલે કોલેજની ટેલેન્ટ ઈવેન્ટમાં પાર્ટીસીપેટ કર્યું. આ ટેલેન્ટની પ્રેકટિસ દરમિયાન પોતાની એક સહેલી જે તેના મિત્ર સાથે યુગલ ગીત ગાવાની હતી તેની સાથે આવેલા થર્ડ યરના એક 'ફુટડા' યુવાનને જોઈ તેના મનમાં અજાણી લાગણીના અંકુર ફુટવા લાગ્યા. આ ઈવેન્ટ દરમિયાન એ સોહામણા યુવાન સાથે પરિચય બંધાયો અને તે પણ મુસ્લિમ હોવાથી સુહાનાને હૃદયમાં એક આશા જાગી. 'ફાઝિલ' સાથે તેને ગૃપમાં દોસ્તી તો બંધાઈ પરંતુ સુહાનાના મનમાં પ્રેમના અંકુર ફુટી ચુકયા હતા અને તે દિવસે ને દિવસે તેને મનમાં ને મનમાં ચાહવા લાગી હતી. જો કે 'ફાઝિલ' પોતાની મસ્તીમાં જ ગુલ રહેતો હતો અને તેને મન તો સુહાના માત્ર એક 'ફ્રેન્ડ' જ હતી.

આ દરમિયાન કિસ્મતે પાસુ પલટયું અને સુહાનાએ બીજા વર્ષમાં પ્રવેશ લીધો ત્યારે જ તેના મા-બાપે તેના લગ્નનું ચોકઠું ગોઠવી દીધું જયારે ફાઝિલ થર્ડ-યર પાસ કરીને કોલેજને અલવીદા કરી ચુકયો હતો. પોતાની વ્યકત ના થઈ શકેલી લાગણીઓને મનમાં જ ધરબી સુહાના લગ્નજીવન સાથે કોલેજ અભ્યાસનો તાલ મિલાવવામાં વ્યસ્ત રહેવા લાગી. તેના લગ્ન અમદાવાદ થયા હોવાથી તે પાંચ દિવસ કોલેજ ચાલુ હોય ત્યારે ગાંધીનગર અને બાકીના બે દિવસ અમદાવાદ પતિ પાસે રહેવા લાગી. લગ્ન તો તેણે કરી લીધા પરંતુ લગ્નજીવન તેનું દુઃખનો દરિયો હતું. આધુનિક વિચારસરણી ધરાવતા પરિવારમાં ઉછરેલ સુહાનાને અત્યંત રૂઢિચુસ્ત માહોલ ધરાવતા પતિ અને તના પરિવારજનો સાથે સુમેળ સાધવામાં તકલીફો પડી રહી હતી. સુહાનાએ બે વર્ષ સુધી ધીરજ ધરી પરંતુ તેના લાખ પ્રયત્નો છતાં તે પતિ સાથે મનમેળ સાધી શકી નહીં. રોજ રોજના કજીયા-કંકાસ અને પતિની મારઝૂડથી કંટાળી અંતે સુહાનાએ તલાક લેવાનો અઘરો નિર્ણય કર્યો. જેમાં મા-બાપે દિકરીના સુખ ખાતર સંમતિ આપી તલાક થયા બાદ માનસિક રીતે ભાંગી પડેલી સુહાનાએ છેલ્લા વર્ષમાં હોવાથી અભ્યાસમાં મન પરોવવા પ્રયત્ન કર્યો.




કિસ્મતથી સુહાનાનું દર્દ સહેવાયું નહી હોય તેમ અચાનક કોલેજમાં ફાઝિલની આવન જાવન વધી. કોલેજ બાદ વ્યવસાયે ફોટોગ્રાફર બનેલા ફાઝિલને કોલેજમાં તમામ ઈવેન્ટના ઓર્ડર મળવા લાગતા તે આવતો હતો આમ ફરી મિત્રોની જુની ગોષ્ઠિ ફરી જામવા લાગી. તેને સુહાનાની લગ્નજીવનની કહાણી ખબર પડતા એક સાચા મિત્રની રૂએ તેને હૂંફ આપવા લાગ્યો. બધા મિત્રો રોજ કેન્ટિનમાં મળવા લાગ્યા અને પિકનીક પર પણ સાથે જવા લાગ્યા. આ દરમિયાન ફાઝિલના મનમાં પણ સુહાના પ્રત્યે લાગણીઓ જાગવા લાગી હતી. બંને એકમેક સાથે ખાસ્સો સમય વીતાવવા લાગ્યા અને વાત એટલે વધી ગઈ કે બંનેના પરિવારજનો સુધી પહોંચી ગઈ. સદભાગ્યે બંનેના પરિવારજનો ખુબ જ ખુલ્લી વિચારધારા ધરાવતા સુસંસ્કારી હોવાથી તેમણે આ બે હૈયાને એક કરવાનું નક્કી કર્યુ. ધામધૂમથી ૨૦૧૨માં બંનેના લગ્ન યોજાયા અને સુહાનાના પ્રેમને ફાઝિલનો કાયમી સથવારો મળી ગયો. આજે બંનેનું લગ્નજીવન ખુબ સુખી અને રોમાંટિક છે. જેની ફલશ્રુતિ સ્વરૂપે બે વર્ષનું બાળક પણ આંગણે કિલ્લોલ કરી રહ્યું છે. ગાંધીનગરના આ પ્રેમી યુગલ માટે તો હવે રોજે રોજ વેલેન્ટાઈન ડે છે. જેમ કે કવિ અજય ઉપાધ્યાય કહે છે,

'સાંભળવા માંગો તો જ સંભળાય,
આ તો ધડકન છે, શોર થોડો થાય?'

(પાત્રોના નામ બદલ્યાં છે)

## ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો એક શખ્સ ઝડપાયો

**કુડાસણ સ્થિત પ્રમુખ આર્કેડના ખુલ્લા પાર્કીંગમાં બે શખ્સો સટ્ટો રમાડી રહ્યા હતા : ઈન્ફોસીટી પોલીસનો દરોડો : એક શખ્સ નાસી છુટવામાં સફળ**

ગાંધીનગર, તા.૧૩

કુડાસણ ખાતે સ્થિત પ્રમુખ આર્કેડની એક દુકાન સામે પાર્કીંગમાં બે શખ્સો ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યા હોવાની બાતમીને આધારે ગઈ સાંજે ઈન્ફોસીટી પોલીસે દરોડો પાડી એક સટોડીયાને પકડી પાડયો હતો જયારે એક શખ્સ નાસી છુટવામાં સફળ રહ્યો હતો. રૂ. ૨૬ હજારના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી ફરાર થઈ ગયેલા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

ભારત-શ્રીલંકા વચ્ચે ચાલી રહેલી ક્રિકેટ મેચ પર ગઈ કાલે સાંજે બે શખ્સો કુડાસણના પ્રમુખ આર્કેડની દુકાન નં. બી/૧૪ની સામે ખુલ્લા પાર્કીંગમાં સટ્ટો રમાડી રહ્યા હોવાની બાતમી ઈન્ફોસીટી પોલીસને મળી હતી. જેને આધારે દરોડો પાડા બે પૈકી એક કેવલ નામનો શખ્સ નાસી છુટયો હતો. જયારે પ્રમુખ પ્રાઈઝ ફલેટ ખાતે કુડાસણમાં રહેતો હિતેશ નરેશભાઈ દવે પોલીસની ઝપટે ચઢી ગયો હતો. હિતેશ દવેની એક મોબાઈલ, બાઈક અને રૂ. ૧ હજાર રોકડા મળીને કુલ રૂ. ૨૬ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ફરાર થઈ ગયેલા શખ્સને પકડી પાડવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

## ચિરવિદાય

● સ્વ. દિનાબેન ગનાભાઈ પરમાર, ઉ.વ. ૬૬